# આજે ગાંધીનગરમાં વડાપ્રધાનનો "પાવરફુલ" રોડ શો યોજાશે

## એરપોર્ટથી કોબા કમલમ સુધીના માર્ગે ચાર લાખની મેદની સ્વાગત કરશે : રોડ શોના રૂટમાં બંને તરફ નાના નાના સ્ટેજ પર સતત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યાં છે જેમનું શુક્રવારે સવારે ૧૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પર મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખ સહિત મંત્રીઓ અને ભાજપના નેતાઓ દ્વારા સ્વાગત કરાશે ત્યારબાદ એરપોર્ટથી કોબા શ્રી કમલમ્ કાર્યાલય સુધી ભવ્ય રોડ શો યોજાશે. રોડ શોના માર્ગમાં રસ્તાની બંને તરફ મોટી સંખ્યામાં કાર્યકરો અને જનમેદની સહિત હાજર રહીને નરેન્દ્ર મોદીનું અભિવાદન કરશે. એરપોર્ટથી કોબા સુધીના રોડ શોના રૂટમાં બંને તરફ થોડાં થોડાં અંતરે નાના નાના સ્ટેજ પર સતત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પ્રસ્તુત કરાશે.

ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે આજે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે "દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા.૧૧મી માર્ચના રોજ સવારે દિલ્હીથી અમદાવાદ એરપોર્ટ પર આગમન કરશે. અમદાવાદ એરપોર્ટથી ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" સુધી આશરે ચાર લાખથી પણ વધુ કાર્યકરોની ઉપસ્થિતિમાં ભવ્ય રોડ-શોનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ રોડ-શોમાં જુદી-જુદી સંસ્થાઓ, જુદા-જુદા સમાજો, નાગરિકો, શુભેચ્છકો અને કાર્યકર્તાઓ ગુજરાતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને રૂડો આવકાર આપવા ઉપસ્થિત રહેશે."



પુનીતવનના નાનકડા તળાવમાં તરતા બતક અદ્ભૂત દશ્યો સર્જે છે. નાનપણમાં સાંભળેલી કેટલીક વાર્તાઓ તેમને જોઈને યાદ આવી ગઈ... આપણુ શહેર ચોમાસા સિવાય શુષ્ક રહે છે. વળી તળાવ, સરોવર જેવુ કોઈ વોટર બોડી ન હોવાથી પાણીના પક્ષીઓ જોવા મળતા નથી. નદી છે પરંતુ તેમાં પાણી નથી. શહેરમાં ક્યાંક ક્યાંક બનાવેલા આવા કૃત્રિમ તળાવોમાં બતક જેવા પક્ષીઓને તરતાં જોઈએ તો જરૂર અચરજ પેદા થાય અને તળાવનું આકર્ષણ પણ વધે છે.

# સેક્ટર-૨૧ના પંચશીલ પાર્ક અને આસપાસમાં પેયજળની સમસ્યા વકરી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરના સે. ૨૧માં પંચશીલ પાર્ક અને આસપાસના વિસ્તારોમાં છેલ્લા થોડાક સમયથી પેયજળનો પુરવઠો પુરતા પ્રમાણમાં મળતો ન હોવાથી વસાહતીઓમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

ગરમીના દિવસો શરૂ થયા છે પણ પેયજળનો પુરવઠો પુરતા પ્રમાણમાં ન મળતાં હવે આ વિસ્તારના રહીશો આંદોલન કરવાનુ વિચારણા કરી રહ્યાનું પણ જાણવા મળેલ છે.

આ મુદ્દે સ્થાનિક કાઉન્સીલરોને રજુઆત કરાઈ હતી અને તેમણે તંત્રને આ મુદ્દે પણ રજુઆત કરી હતી. તંત્રએ વાલ્વ બદલવાનો હોઈ ઝડપથી બદલી દેવામાં આવશે તેમ જણાવ્યુ હતુ.

જોકે આ વાતને પણ સારો એવો સમય થઈ ગયા પછી સમસ્યાનો ઉકેલ ન આવતાં રહીશોમાં રોષની લાગણી જન્મી છે અને આગામી દિવસોમાં મનપાની કચેરીએ સમૂહમાં જઈ રજુઆત કરી આંદોલનની ચીમકી આપશે તેમ જાણવા મળેલ છે.

# હવે, ગુજરાતમાં ચૂંટણીઓ વહેલી યોજાવાના સંકેત

## ચાર રાજ્યોમાં જીત બાદ ગુજરાતમાં વધી રહેલી રાજકીય અને વહીવટીય ગતિવિધિઓ વહેલી ચૂંટણીના સંકેત આપે છે : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભવ્ય રોડ શો નું આયોજન આગોતરી તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૦

પાંચ રાજ્યોના ચૂંટણી પરિણામો જાહેર થયા બાદ ગુજરાતમાં વહેલી ચૂંટણી યોજાવાના સંકેતો મળી રહ્યા છે. છેલ્લા ઘણા મહિનાઓથી રાજકીય અને વહીવટીક્ષેત્રે થઈ રહેલી તૈયારીઓ પણ વહેલી ચૂંટણી યોજવાના સંકેતો આપી રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ભવ્ય રોડ શો નું આયોજન આગોતરી તૈયારીના સંકેત આપી રહ્યા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ડિસેમ્બર માસમાં તેના નિર્ધારિત સમય મુજબ યોજાશે તેવી જાહેરાતો અનેકવાર કરવામાં આવી છે પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં જે પ્રકારનો સીનારીયો જોવા મળી રહ્યો છે તે વહેલી ચૂંટણીના સંકેતો આપે છે. રાજકીય ધમધમાટ છેલ્લા ઘણા સમયથી ચાલી રહ્યુ છે. શાસક પક્ષના તમામ પ્રયત્નો એ દિશામાં જ જોવા મળી રહ્યા છે. શાસક પક્ષ સિવાય અન્ય કોઈ પક્ષ જો જરા જેટલો પણ મજબૂત થતો જોવા મળે તો તેને તોડવાના તમામ પ્રયત્નો કરવામાં આવે છે. સામા પક્ષના મજબૂત નેતાઓને પોતાના પક્ષમાં સમાવવાથી લઈને અનેક પ્રકારના કાવાદાવાઓ કરવામાં આવી રહ્યા છે. છેક ગ્રામ્યકક્ષાથી લઈને રાજયકક્ષા સુધીના નેતાઓને એકબીજાના પક્ષમાં લેવાના પ્રયત્નો ઘણા સમયથી થઈ રહ્યા છે.

પાંચ રાજ્યોની ચૂંટણીઓમાં ભાજપના ભવ્ય દેખાવ બાદ ગુજરાતમાં વહેલી ચૂંટણીઓ યોજાવાની ચર્ચાઓએ જોર પકડ્યુ છે. હાલના માહોલનો સીધો લાભ ગુજરાતને મળે તે માટે વિધાનસભાની ચૂંટણીઓ વહેલી યોજવાની કવાયત શરૂ થઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાતની મુલાકાત અને ભવ્ય રોડ શૉ નું આયોજન પણ તે તરફના સંકેતો આપી રહ્યા છે.

વહીવટીતંત્રમાં તો છેલ્લા ચાર-પાંચ મહિનાઓથી વહેલી ચૂંટણીની તૈયારીઓના પડઘમ સંભળાઈ રહ્યા છે. વિવિધ વિભાગોની યોજનાઓને સમયસર પૂર્ણ કરવાથી લઈને ગ્રાઉન્ડ લેવલ પર તેના અમલીકરણ પર જોર આપવામાં આવી રહ્યુ છે. અધિકારીઓને તે માટે કામગીરી સોંપવામાં આવી છે. મે અથવા જૂન માસમાં જ ચૂંટણી યોજાશે તેવુ લાગી રહ્યુ છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં પ્રચંડ જીત હાંસલ કરવી હોય તો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ગુજરાતમાં સભાઓ યોજવી પડે તેની તૈયારીઓના ભાગરૂપે જ તેઓ ગુજરાત આવી રહ્યા છે તેવું લાગી રહ્યુ છે. રોડ શૉ જીએમડીસી ગ્રાઉન્ડ પર પંચાયત મહાસભા અને યુવાઓને આકર્ષવા માટે ખેલ મહાકુંભનું ઉદ્ઘાટન જેવા કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે તેની તડામાર તૈયારીઓ થઈ ચૂકી છે.

# કલોલમાં ઝાડા-ઉલ્ટીના વધુ ૯૦ કેસ નોંધાયા : ૧૭ દર્દી હજુ દાખલ છે

ગાંધીનગર, તા. ૧૦

કલોલ શહેરમાં છેલ્લા ત્રણ દિવસથી ફેલાયેલ પાણીજન્ય રોગચાળાના આજે વધુ ૯૦ કેસ નોંધાયા છે. પરિસ્થિતિ ઝડપથી નિયંત્રણમાં આવી જશે તેવો દાવો આજે આરોગ્યતંત્રના સૂત્રોએ કર્યો છે. આજે પણ ૧૭ દર્દીઓ ઈન્ડોર પેશન્ટ તરીકે સારવાર હેઠળ છે.

કલોલ શહેરમાં આજે નોંધાયેલા કેસો સહિત ઉલ્ટી-ડાયેરીયાના કેસોની સંખ્યા ૪૧૦ને પાર કરી ગઈ છે. તંત્રએ મળી રહેલા કેસોને પગલે સર્વેલન્સની કામગીરીને વધુ સઘન બનાવી છે.

ડાયેરીયાના લેવાયેલ સેમ્પલોમાં કોલેરાનો રિપોર્ટ નેગેટીવ આવતાં તંત્રએ રાહત અનુભવી છે. શોધાયેલા ૭ જેટલા લિકેજીસ દુરસ્ત કરી દેવામાં આવ્યા છે. નગરપાલિકાએ પણ સ્થિતિને ગંભીરતાથી લઈ પાણીપુરી સહિતની ખાણી-પીણીની લારીઓ બંધ કરાવી દીધી છે. કલોલ શહેરમાં નોંધાયેલા કેસોમાં ૨૦૦થી વધુ મહિલાઓ તેમજ ૧૦૦ થી વધુ બાળકો ઝાડા-ઉલ્ટીના રોગનો ભોગ બન્યા છે. આરોગ્યતંત્રની ૩૪ જેટલી ટીમો દ્વારા હાલ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. ૪૦ હજારથી વધુ લોકોને આ સર્વેલન્સમાં અત્યાર સુધીમાં આવરી લેવામાં આવ્યા છે.

# જિલ્લા ક્ષય કેન્દ્ર અને રાંચરડા આરોગ્ય કેન્દ્રના સંયુકત ઉપક્રમે સાંતેજ ખાતે મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

વીર પ્લાસ્ટિક પ્રાઈવેટ લિમિટેડ સાંતેજ કલોલ ખાતે જિલ્લા ક્ષય કેન્દ્ર ગાંધીનગર દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાંચરડાના સહયોગથી કંપનીમાં કામ કરતા કર્મચારીઓ અને કામદારો માટે મેડીકલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં તમામ કર્મચારીઓ અને કામદારી બ્લડ સેમ્પલ લઈ તપાસ કરવામાં આવી હતી. જેમાં એચઆઈવી, ડાયાબીટીસ, હિમોગ્લોબીનની તપાસ કરવામાં આવી હતી. તે ઉપરાંત ટીબી અને રકતપિતની માહિતી આપવામાં આવી હતી. જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે કામગીરી કરી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કંપનીના માલિક, કર્મચારીઓ, અને કામદારોએ ખુબ જ સહયોગ આપ્યો હતો. આ ટીબી નાબુદી અભિયાન અંતર્ગત તમામ કર્મચારીઓએ ટીબી નાબુદ કરવાના શપથ લીધા હતા. આ કાર્યક્રમમાં રાંચરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના તમામ સ્ટાફ અને તપાસ દરમિયાન ટીબીના પાંચ શંકાસ્પદ કેસ મળી આવ્યા હતા. તે ઉપરાંત ડાયાબીટીસના ૧૨ અને રકતપિતનો ૧ શંકાસ્પદ કેસ મળી આવ્યો હતો.



# કમલ કા ફૂલ દેખ કે ફલાવર સમજે ક્યા...?!!

**ચુંટણીના પરિણામોને પગલે દિવસભર સોશિયલ મિડીયા પર રમૂજી ચબરાંકિયાની ભરમાર : સૌથી વધુ ઠેકડી કોંગ્રેસની ઉડી**

આજે દેશના પાંચ રાજ્યો પૈકી ચારમાં ભાજપના ભવ્ય વિજય બાદ દિવસભર સોશિયલ મીડિયામાં રમૂજી ચબરાંકિયાની ભરમાર ચાલી હતી જેમાં નેટીઝન્સે સૌથી વધુ ઠેકડી કોંગ્રેસની ઉડાવી હતી. આ ટુચકાં, ચબરાકિયાં અને મીમ્સમાં યુપીના મુખ્યમંત્રી યોગીના ફોટા સાથે પુષ્પા ફિલ્મ કેઈમ ડાયલોગની પેરોડી "કમલ કો ફૂલ દેખ કે ફલાવર સમજે ક્યા, ફલાવર નહી ફાયર હૂં મેં" સૌથી વધુ વાઈરલ થવા પામ્યો હતો. આજે વાઈરલ થયેલા રમુજી ટુચકાં પૈકી કેટલાંક અત્રે પ્રસ્તુત છે.

●●●

કમલ કા ફૂલ દેખ કે ફલાવર સમજે ક્યા, ફલાવર નહી ફાયર હૂં મેં

●●●

કોંગ્રેસ સબસે સુખી હૈ, ના જીત કી ઉમ્મીદ ના હાર કા ભય

●●●

ભંડારા ખાને ગયે થે, અંદર પૂંડિયા નહી મિલી ઔર બાહર ચપ્પલ ભી ચોરી હો ગઈ : પંજાબ પૂર્વ મંત્રી

●●●

ચૂનાવ આયોગને વિપક્ષિયો કો બૂલાકર પૂછા, જીત ઘોષિત કર દે યા દિન ભર બેઈજ્જતી કરવાઓગે

●●●

મૈને તો પ્રચાર ભી નહી કીયા, ફીર કોંગ્રેસ કૈસે હાર ગઈ : રાહુલ ગાંધી

●●●

ઈલેક્શન અને કોંગ્રેસ બંને શાંતિપૂર્ણ રીતે પતી ગયાં

●●●

બધા યુપીમાં વ્યસ્ત હતા, જ્યારે રાહુલે સિદ્ધુ સાથે મળીને બીજા રાજ્યને કોંગ્રેસ મુક્ત કર્યા...!

●●●

બિચારું ઈવીએમ.... પંજાબમાં સતી સાવિત્રી બીજે બધે સની લિયોન સાબિત થઈ રહ્યું છે.

●●●

નવજોતસિંઘ સિદ્ધુને લંકાદહન બદલ ટ્રોફી રૂપે ગદા ઈનામમાં આપવી જોઈએ.

●●●

અબ તક કે રૂઝાન...
એક રાજ્યમે "આપ", બાકી સબમેં "બાપ"

# ગાંધીનગર ડેપોમાં મિકેનીકની સાથે ૧૫ કન્ડકટરની પણ ઘટથી રૂટ સેવા પ્રભાવિત

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર ડેપોમાં મુસાફરોની સલામતી ડગલે ને પગલે જોખમાતી હોવાની ફરિયાદો ઉઠવા પામે છે. ડેપો સંકુલમાં વારંવાર ખિસ્સા કાતરુઓ મુસાફરોના ખિસ્સામાંથી રોકડ અને મોબાઈલ સેરવી જાય છે. જયારે મુસાફરોને સલામતીની સાથે પુરતી સુવિધા પણ મળતી નથી. આ સ્થિતિ વચ્ચે ડેપો તંત્ર પાસે પણ સલામત સવારીના સંચાલન માટે મેન પાવરનો અભાવ વર્તાય છે. ડેપોમાં મિકેનીકની સાથે કન્ડકટરની ઘટનો પ્રશ્ન પણ લાંબા સમયથી યથાવત છે. ગાંધીનગર ડેપોમાં હાલની સ્થિતિએ ૧૯૨ કન્ડકટર છે જયારે ૧૫ ની ઘટ છે. આ ઘટ નિવારવા માટે ટુંકમાં ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર એસ ટી ડેપોમાં સલામતી જોખમાઈ છે મુસાફરોના ખિસ્સા કપાય છે. આમછતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો જોવા મળતો નથી જયારે મુસાફરો પણ ધક્કે ચઢે છે. સલામત સવારી એસ ટી અમારી અનેક રીતે પ્રભાવિત છે. મુસાફરોની સલામતી અને સુવિધાના નામે મીડુ છે. જયારે એસ ટી ડેપોમાં વર્ષોના અંતે પણ ડ્રાઈવર કંડકટરની ઘટનો પ્રશ્ન સંપુર્ણ હલ થતો નથી. ગાંધીનગર ડેપોમાં ૧૫ મિકેનીકની ઘટ છે. જયારે હાલની સ્થિતિએ ૩૬ મિકેનીક છે. આ ઉપરાંત હાલ ૨૦૨ ડ્રાઈવર શહેરી બસ સેવાના રૂટને અનુલક્ષી ફરજ બજાવી રહ્યા છે. જયારે સલામત સવારીના વિવિધ રૂટમાં ૧૯૨ કન્ડકટર છે. પરંતુ હાલની સ્થિતિ મુજબ ૧૫ કન્ડકટરની ઘટ છે. અગાઉ વર્ષ ૨૦૧૭-૧૮ માં ભરતી પ્રક્રીયાના અંતે મિકેનીકની ઘટનો પ્રશ્ન હલ થયો હતો પરંતુ હાલ હજુ કન્ડકટરની ઘટના લીધે શહેરી બસ સેવાના રૂટ પ્રભાવિત છે. એકબાજુ ગાંધીનગર આસપાસના ગામોમાં બસ સેવા મળતી નથી. લાંબા સમયથી બસ સેવાના અભાવે વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગ પણ પરેશાની ભોગવી રહ્યો છે. ત્યારે એસ ટી બસના રૂટોનુ સંચાલન પણ યોગ્ય રીતે થાય તે અનિવાર્ય છે. આ મામલે અનેકવાર રજુઆત પણ કરવામાં આવી છે. આમછતા હજુ સુધી તે મુજબ કોઈ આયોજન કરવામાં આવતુ નથી. જયારે ડેપોમાં કન્ડકટરની ઘટ નિવારવા માટે પણ હજુ સુધી કોઈ પગલા લેવાતા નથી. ગાંધીનગર ડેપોને મોડેલ ડેપો બનાવાની વાત તો દુર પરંતુ મુસાફરોની સલામતી જોખમાય તેવી સ્થિતિ વચ્ચે મેન પાવરનો પણ અભાવ વર્તાય છે.

## જાહેર સુચના...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદારી પણ દબાણકર્તાની રહેશે તેમ પણ તેમણે જણાંવ્યુ છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરના સેકટરોમાં સ્થિત રહેણાંક વિસ્તારમાં છેલ્લા દોઢ દાયકાથી ફેન્સીંગના દબાણોએ હદ વટાવી છે. સ્થાનિકોએ મનફાવે તેમ ખુલ્લી સરકારી જગ્યામાં ફેન્સીંગ કરી દીધા છે. અંદર બાકડા મુકી બગીચા પણ બનાવી દીધા છે. જયારે રહેણાંકમાં કેટલાક ઠેકાણે કાર પાર્કીંગ કરવા માટે શેડ પણ બની ગયા છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં ગીચતા વધી છે. પાર્કીંગ સહીતના મામલે પણ સમસ્યા ઉભી થઈ છે. વૃક્ષોનુ વાવેતર કરવાના નામે પણ ફેન્સીંગના મોટા દબાણો કરી દઈને જાહેર સરકારી જગ્યા પર કબજો કરી દેવામાં આવે છે. કોર્નર પ્લોટ હોય તેવા કિસ્સામાં ફેન્સીંગના દબાણો વિશેષ રીતે ફુલ્યા ફાલ્યા છે.જયારે સેકટરોમાં લાંબા સમયથી ફેન્સીંગના દબાણો દુર કરવા માટે પણ કોઈ ઝુંબેશ હાથ ધરવામં આવી નથી. ત્યારે આ મામલે પણ કોર્પોરેશનના તંત્રએ ગંભીરતાથી પગલા લેવાની અનિવાર્યતા હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

## ૫.૩૧ કરોડ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વાવોલના વિસ્તારમાં ફાયનલ પ્લોટ નંબર-૨૯૭ ને વાણિજય હેતુ માટે વેચાણ કરવા માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. ટી પી સ્કીમ નં -૧૩ વાવોલમાં ફાયનલ પ્લોટ નં -૨૯૭ ૧૭૮૮ ચો મી ક્ષેત્રફળ ધરાવતા આ પ્લોટની તળિયાની કીંમત પ્રતિ ચો મી રૂ ૨૮૩૦૦ નિયત કરવામાં આવી હતી. જયારે આ પ્લોટની હરાજી માટે ૨ બીડરો દ્વારા બોલી લગાવામાં આવી હતી. પ્લોટ માટે રજુ કરવામાં આવેલ બોલી દરમિયાન સાતમી બોલીમાં શિલ્પ ઈન્ફાસ્ટ્રકચર દ્વારા રૂ રૂ ૨૯૭૦૦ની સૌથી વધુ બોલી લગાવામાં આવી હતી. આ ઓનલાઈન હરાજીમાં સત્તામંડળને રૂ ૫,૩૧,૦૩,૬૦૦ આવક થશે. પ્લોટની તળિયાની કીંમત કરતા હરાજી દરમિયાન ૫ ટકા વધુ રકમની બોલી લગાવામાં આવી હતી. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળનો મોટાભાગનો વિસ્તાર કોર્પોરેશનમાં સમાવિષ્ટ થયા બાદ ગુડા વિસ્તારમાં વિકાસ અને માળખાગત સુવિધાના કામોને વેગ આપવા માટે ગુડા દ્વારા પ્લોટસની હરાજી સહીત અન્ય આવકના સ્રોત ઉભા કરવા માટે પણ નવતર આયોજન કરવામાં આવ્યુ છે. જયારે કપાતની જમીનના આધારે મળેલા પ્લોટ અન્વયે ગુડા દ્વારા તબક્કાવાર હરાજીની પ્રકીયા હાથ ધરવામાં આવશે જેમાં રહેણાંક અને કોર્મશિયલ પ્લોટસનો પણ સમાવેશ થાય છે.

## વિધાનસભામાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્કવોડ દ્વારા જિલ્લામાં ખાણ-લીઝોના ચેકિંગ કરાઈ તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૧૧ વખત અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૧૯ વખત ચેકિંગ કરવામાં આવ્યુ છે. આ તપાસ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન રૂ. ૩૧.૨૬ લાખ અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૯૮.૯૩ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે. મુખ્યમંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે ૮૯ ઈસમો પાસેથી પૂરેપૂરી દંડની રકમ વસુલ લેવામાં આવેલ છે. ૧૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. જ્યારે ૪ ઈસમો સામે વસુલાત હુકમો કરવામાં આવ્યા છે. આ પકડાયેલ ઈસમો સામે ખનિજ ચોરી અન્વયે એક પણ પોલીસ ફરિયાદ કરવામાં આવેલ નથી.

● **શહેરી વિસ્તારમાં સેવાસેતુ**

દહેગામના બલરાજસિંહ ચૌહાણે જિલ્લાના શહેરી વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં સેવાસેતુના કાર્યક્રમ યોજવામાં આવ્યા તેવા પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૧૨ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આ સેવાસેતુ કાર્યક્રમમાં ૫૬ જેટલી સેવાઓ આવરી લેવામાં આવી હતી અને તે અંતર્ગત ૨૧,૫૦૫ અરજદારોએ અરજી કરી હતી અને તમામ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે.

## હળવે હૈયે

● અનુસંધાન ચોથાનું ચાલુ...

કોઈક 'ભક્ત' ને સૂઝી આવે તો વોટ્સએપ પર ચાલુ પડી જાય ને પછી તો વોટ્સએપ લવર્સ તે ફોરવર્ડિયા કંપની 'સાહેબ'ના પ્રભાવના નામે ચલાવ્યે જ રાખે કે નહીં ?'

'એ વાત તમારી સાચી....'

'તો પછી ? બાકી મને તો નિયમિત ને ઝીણવટથી છાપું વારવાની ટેવ છે ને.... જાહેરાતો ય છોડવાની નહીં. મારે એટલે બધી જાણકારી હોય જ !!' અંકલે એમનો કોલર ઊંચો રાખતાં કહ્યું.

'હા... હોય જ જાણકારી.... કેમ કે અમારે ત્યાં અમારી ચા પીને, અમારા ન્યૂઝ પેપરનો અમારા કરતાં વધારે કસ તમે જ કાઢો છો ને, અંકલ.... લીટી એ લસીટી વાંચો છો....' અમારે આવું કરી દેવું હતું પણ 'મન કી બાત' મનમાં જ રાખી ને જાહેરામાં એવું બોલ્યા અમે કે 'તમારું વાંચન વિશાળ, ડેટેઈલમાં અખબાર વાંચવાની - દરેક સમાચાર - જાહેરાતનો અભ્યાસ કરવાની ટેવ છે તેની ખબર છે...'

'જમાના કા દસ્તૂર હૈ યે પુરાના....' મનમાં હોય એ દરેક વખતે કહી શકાતું નથી. મુખવટો - મહોરું પહેરીને, અસલી ચહેરો સંતાડી, નકલી ચહેરો બતાવતા ફરવું પડતું હોય છે ને? એ રીતે મુજબ અમારે ય લાલાકાકાને આવું મીઠું મીઠું કહેવું પડ્યું.

અને અમારા મુખે પોતાની પ્રશંસા સાંભળી રેડ અંકલે મલકાઈ ઊઠતાં પાછું ચલાવ્યું : 'પણ પનુભાઈ, આપણી શ્રવણશક્તિ - સાંભળવાની શક્તિ બચાવવાનો અને કાને બહેરાશ ના આવે તે માટેનો શ્રેષ્ઠ ઉપાય શું છે, ખબર છે ?'

'ના... શું !'

'નેતાઓમાં પ્રત્યક્ષ કે રેડિયો ટી.વી. ન્યૂઝ ચેનલ પર પ્રસારિત થતાં ભાષણો કે કોઈનો ખોટો બબડાટ, બકવાસ, ફાલતું વાતો વગેરે સાંભળવાની દૂર રહેવું.... એવું કાને પડે કે કાનમાં પૂમડાં કે ઈયર પ્લગ ભરાવી દેવાના.... એનાથી શ્રવણેન્દ્રિયને આરામ મળશે ને બહેરાશ જલ્દી નહીં આવે.'

'એનો અર્થ તો એ થયો કે અમારે આ ઉપાયનો પ્રયોગ અત્યારથી જ ને તમા માટે જ કરવો રહ્યો !! 'અમારાથી 'મન કી બાત' બહાર આવી ગઈ.... પણ લાલાકાકાનું ધ્યાન મફતિયા ચા તરફ હતું એટલે અમે બચી ગયા.... એમણે કહ્યું, 'ચાલો, એં કરાવેલી ગમ્મત અને બતાવેલા ઉપાયની વાત ઉપર આ પીવડાવી દો...'

'અંકલ... ' અમે ચિંતીત સ્વરે સંભળાવ્યું : 'અમૂલ' દૂધના ભાવવધારા પછી અને રશિયા - યુક્રેનના યુદ્ધ કારણે આ ખાંડ-શાંક- તેમજ બધી ચીજોના ભાવો આસમાને ચઢી રહ્યા હોવાથી અમે ચા ઉપર કામચલાઉ કાપ મૂક્યો છે!

'એટલે પનુભાઈ, તમે લોકોએ ચા પીવાની બંધ કરી છે ?'

'ના... બીજાને પીવડાવવાની બંધ કરી છે અમે !!'

'હેં ?'

'હા, અંકલ.... મોંઘવારીનો માર સહેવા ને બે છેડા ભેગા કરવા કંઈક તો ઉપાય શોધવા પડે કે નહીં? ખરું ને?'

'હા.... પણ મોંઘવારીથી બચવાનો આપણી પાસે આનાથી ય વધુ અસરકારક - જોરદાર ઉપાય છે!' અંકલે કહ્યું.

'કયો ઉપાય ?'

'ચા પીવડાવો તો બતાવું !! અંકલે અમદાવાદી અદાથી કહ્યું....'

'અમે અંકલની ચાલાકી, એમની સાથે આટલાં વર્ષો કાઢ્યા પછી ના સમજીએ એવું ના જ બને ને.... એટલે અમે કહ્યું :'સોરી અંકલ, પણ ચા બંધી છે એટલે....'

'હં... એટલે આજે અહીં ચા નહીં જ મળે એમને !' પરાણે એમણે પૂછ્યું.

રેડ અંકલના નિરાશાના કારણે યલો થઈ ગયેલા ચહેરાને જોઈ અમે કહ્યું : 'ડોન્ટ વરી, અંકલ... આ તો તમારી જેમ અમે ય ગમ્મત માટે આવું કહ્યું હતું....'

'મતલબ, ચા મળશે, રાઈટ ?' કહેતાં એમના ચહેરા ઉપર પાછો અસલી કલર આવી ગયો તે અંકલ અસલી મિજાજમાં ઉવાચ : 'તો જવા દો ચા... ત્યાં સુધી હું જરા છાપા ઉપર નજર નાંખી દઉં...'

# મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની સીએસસી ગ્રામિણ ઈસ્ટોર સાથે ભાગીદારી

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ ભારત સરકારની પહેલ સીએસસી ગ્રામિણ ઈ-સ્ટોર સાથે ભાગીદારીની ઘોષણા કરેલ છે. કંપની અનુસાર અંતરિયાળ વિસ્તારના ૭ લાખથી વધુ ગામોના ઉદ્યોગસાહસિકો આ ડીજીટલ માધ્યમ દ્વારા મહિન્દ્રાના વાહનો અંગે પૂછપરછ તથા માહિતી પ્રાપ્ત કરી શકશે. ગ્રામિણ વિસ્તારમાં સીએસસી વીએલઈ (VLE) નેટવર્ક મહિન્દ્રાના ટચપોઈન્ટની માફક કાર્ય કરશે જેથી ગ્રાહકોને સુવિધા રહેશે.

ગ્રાહક તેમની નજીકના સીએસસી વીએલઈ(VLE) સ્ટોર પર જઈને મહિન્દ્રાની બોલેરો, બોલેરો-નીયો, સ્કોર્પિયો, ઠેંફ ૩૦૦, મરાઝો, બોલેરો પિક-અપ અને બોલેરો મેક્સી ટ્રક જેવા પસંદગીના વાહનો અંગે જાણકારી મેળવી શકશે. અને રસ ધરાવતા ગ્રાહકોને આ ડીજીટલ માધ્યમના સહારે ટેસ્ટ ડ્રાઈવ તથા ખરીદવા માટે અધિકૃત ડીલરશીપ દ્વારા સેવા પુરી પાડવામાં આવશે.

## સપાટો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

સત્તાધારી કોંગ્રેસને માત્ર ૧૮ બેઠકો જ મળતી જોવા મળી રહી છે. ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં મળેલી જીતથી ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ને મોટી રાહત મળી છે. રાજ્યમાં ભાજપ સતત બીજી વખત સત્તા પર આવી રહ્યું છે. યોગી આદિત્યનાથની કડક છબી. ગુનેગારો સામે કાર્યવાહી, મહિલા સુરક્ષા અને ગરીબોને રાશન યોજનાનો લાભ મળ્યો. જો કે ૨૦૧૭ની ચૂંટણીની સરખામણીમાં ભાજપને સીટોના મામલે ઘણું નુકસાન થયું છે. ગત ચૂંટણીમાં ભાજપને ૩૧૨ બેઠકો મળી હતી. જોકે આ વખતે સીટો ઘણી ઓછી છે.